

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

યુપીમાં હવે યોગીજીની ધાક ઓસરી ગઈ છે!
રેપીસ્ટો માટે ગુનાની ઓરડો - ઓસરી થઈ છે!
સંડોવાય છે સોંસરી પોલીસ ગુંડા - સુરક્ષામાં -
ગુનાખોરી હવે ભાજપ-કાંધે ધોંસરી થઈ છે!

### હાઈકુ

વણકરો ને
ખાદીની ખેતીમાં ગ્યો -
ટેકાનો ભાવ!
(આલ્યાની ટોપી માલ્યા ને!)

ઉજવી રહ્યાં
લ્યો! ‘દુષ્કર્મ સપ્તાહ’
ભાજપી રાજયો!!
(ગુજરાતમાં સારો દેખાવ!)

### ચિંતન

રાજા નાનુકૂતિં કુર્યાન્ત ચ, શ્રેષ્ઠસ્થ કરયચિત્ ।
નૈકા ગચ્છેદ વ્યાસ - વ્યાઘ્ર, ચોરેષ, ચ પ્રબાધિતુમ ॥

ઉપરોક્ત શ્લોક નીતિશાસ્ત્રમાંથી લેવામાં આવેલ છે.

રાજા, મંત્રીઓ કે સાહેબોના વર્તનનું અનુકરણ, નકલ, મિમિક્રી કદાપિ ન કરવાં.

અને સિંહ વાઘ ને ભગાડવા કે ચોરને પકડવા કદાપિ એકલા જણે તે ત્રણેની પાછળ ન પડવું.

સોનેરી સલાહ એવી છે કે રાજા, સાહેબો, પોતાની નાના હોદ્દેદારો ને નાના જ સમજે છે. માણસો સમજતા નથી. તેથી અને પોતે એમનાંથી અલગ છે એવું અંતર રાખવા માટે કદાપિ હળવા - નિખાલસ કે લાગણીના સંબંધો પ્રસ્થાપિત કરવા માગતા નથી. કંઈ બાબતને મહત્ત્વ આપી ઠપકો કે ઉતારી પાડવાની જ ફિરાકમાં હોય છે. માનવતા સભર કે હૂંફ વાત્સલ્ય ન કરવું.

સિંહ - વાઘ - ચોર પાછળ ટોળામાં જ જવાય એકલા ન જવાય. કારણ કે તેઓ જીવ બચાવવા નાસવાનો દેખાવ કરે પણ જો તક મળે તો જીવ બચાવવા વળતો જીવલેણ હુમલો પણ કરે.

### સુવિચાર

- નવા દોસ્ત અને જૂના શત્રુથી સાવધાન રહેવું - **શેક્સપિયર**
- જે બધા કરી રહ્યા છે તેથી આપણે પણ કરીએ, આ માનસિકતા હશે તો તમે ઉત્તમ કામ અને સફળતાની શોધમાં નથી, તમે માત્ર નકલ કરી રહ્યા છો - **જીવન પાથેય**
- જેમ મૂળ ઘી હોય, એમાંથી લાડુ, શીરો વગેરે વાનગી બનાવી લેવાય. એ જ રીતે ભાવનાનું મૂળ પ્રેમ હોય, સંબંધો એમાંથી વિકસે અને બીજ વૃક્ષ બને - **બોધિવૃક્ષ**
- પ્રેમ શિકારી ન હોવો જોઈએ, વિકારી પણ ન હોવો જોઈએ પણ સ્વિકારી હોવો જોઈએ - **માનસસૂત્ર**
- કાયદેસરના લગ્ન વિના પ્રેમ નૈતિક હોઈ શકે,
  પણ પ્રેમ વિનાનું દાંપત્યજીવન તો જરૂર અનૈતિક છે - **સોફિયા કીમ**
- ભગવાને દરેક માણસને બે હાથ આપકમાઈ કરવા આપ્યા છે,
  તે હાથનો ઉપયોગ કરીને સ્વાધીન રહો. પરાધીન જેવું બીજું કોઈ પાપ નથી - **મૈથિલિશરણ ગુપ્ત**
- આજનું ઔષધ : ફટકડીને ગરમ કરવાથી બનતા ફીણને વાઢિયા પર લગાડવાથી વાઢીયા રુઝાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક યુવાન હતો. એ નૌસેનામાં ઓફિસર હતો. એક દિવસ એ કોઈ કારણસર સ્થાનિક હોસ્પિટલમાં ગયો. હોસ્પિટલમાં પ્રવેશ કર્યો ત્યારે એક નર્સ જાણે એને જ શોધતી હોય તેમ હાંફળી ફાંફળી આવી એ યુવાન ને કહ્યું, ‘આપ જલ્દી મારી સાથે ચાલો આપના પિતાના અંતિમ શ્વાસ ચાલે છે. કદાચ એ તમારી જ રાહ જુએ છે. નર્સ તેને એક વૃદ્ધની પથારી પાસે લઈ ગઈ. વૃદ્ધની આંખો ખુલતી ન હતી. નર્સે કહ્યું, ‘દાદા, જુઓ આપનો દીકરો આવી ગયો છે. પથારીમાંના વૃદ્ધનો હાથ સળવળ્યો. દીકરાએ એ હાથ પકડી લીધો. આંગળામાં આંગળાં પહોવી તે કલાક એક મૌન બેસી રહ્યો. વૃદ્ધના મોઢા પર એક હાથ જોઈ. અને એમને એ હાથના સ્પર્શમાં સંતોષ લાગ્યો. પકડ ઢીલી પડી. યુવાને નર્સને બોલાવ્યા. નર્સે કહ્યું, ‘હવે એ ગયા.’ અને નર્સે યુવાનનો હાથ છોડાવ્યો. નર્સે કહ્યું, ‘સારું થયું તમે આવી ગયા. મારો મેસેજ તમને મળી ગયો હતો ને ?’ ભીની આંખે યુવાને કહ્યું, ‘ના, મને કોઈ મેસેજન થી મળ્યો. અને હું તો આ માણસનો દીકરો પણ નથી. પણ એક કમી હતી જે આજે પૂરી થઈ. કારણ કે મારા પિતા જયારે અવસાન પામ્યા ત્યારે હું નેવીની ફરજ પર હતો. પરત આવું તે પહેલા પિતાની અંતિમવિધિ પતી ગઈ હતી. એ વખતે મને ખૂબ અફસોસ થયો હતો. કે પિતાની અંતિમ ઘડીમાં હું એમની પાસે ન હતો. આજે એ અફસોસમાંથી હું જાણે મુક્ત થઈ ગયો. થેંક્યું સિસ્ટર.’ યુવાન ઓફિસરની વાત સાંભળી નર્સની આંખો ભિંજાઈ ગઈ.

# ‘કોરોના ઈફેક્ટ’નાં લેખાંજોખાં

**તંત્રીસ્થાનેથી...**

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ કોઈ સાઉથ ઈન્ડિયન ફિલ્મના હીરોની જેમ મિલિટરી હોસ્પિટલ છોડીને વ્હાઈટ હાઉસ પહોંચી ગયા અને માસ્ક પણ ઉતારી દઈ પોતે કોરોનાને હરાવી દીધો છે એમ પ્રતિસ્પર્ધી ડેમોક્રેટ ઉમેદવાર બાઈડનને પણ હરાવી દેશે એવો આડકતરો સંદેશ વહેતો કરી રહ્યા છે. ભારતમાં પણ નેતાઓને લાંબો વખત નજરકેદ જેવી સ્થિતિમાં રહેવું નથી ગમતું. ગુજરાત પ્રદેશના પ્રમુક સી આર પાટીલ હોય કે ભૂતપૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા - તેઓ કોરોનાને કોરાણે મૂકી ફુલ ફોર્મમાં સક્રિય થઈ ગયા છે. અમિત શાહ પણ તબીબો અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ગાઈડલાઈન અનુસરી આંશિક રીતે કામ પર વળી ગયા છે. હાં, કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રમુખ અને કેન્દ્રીય મંત્રી ભરતસિંહ સોલંકી છેક યમરાજાના દરવાજેથી પાછા ફર્યા હોઈ જરૂર વખત પૂરતાં ક્ષેત્રસંન્યાસી બની રહેશે પણ સોનિયા ગાંધીનો પડછાયો બનીને રહેનાર વરિષ્ઠ કોંગ્રેસી નેતા અહમદ પટેલને નિષ્ક્રિય રહેવું પોસાશે નહીં. દરમિયાન કોરોનાએ સૌથી વધારે તો તબીબી સમુદાયને જ ઝપટમાં લીધો છે. છતાં મેડિકલ અને પેરામેટિકલ ફ્રંટલાઈન વોરિયર્સ એમની ફરજ બરાબર બજાવી રહ્યા છે. હા, કોવિડ-૧૯ના આક્રમણ પછી અન્ય જાણીતી બીમારીઓથી પીડાતા દરદીઓ જરૂર મુસીબતમાં મુકાયા છે. સર્વેક્ષણનાં આંકડા દર્શાવને છે કે હાર્ટ સર્જરી અને ‘ની ટ્રાન્સપ્લાન્ટ’ (ઘૂંટણની સર્જરી) માં કોરોનાકાળ દરમિયાન ૫૦ થી ૯૦ ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. દરદીઓએ આ દરદો ચુપચાપ સહી લેવાનો વિકલ્પ સ્વીકાર્યો છે, જેને કારણે હૃદયરોગના ઘણા દરદીઓ કે જેઓ હાર્ટ સર્જરી કે પ્રોસીજરથી બચાવી શકાતા હોય તે સ્વધામ સિધાવી ગયા છે. અમદાવાદની જાણીતી ‘શૅલ્બી’ હોસ્પિટલના અદ્યતન આંકડા દર્શાવે છે કે ગુજરાતીઓ કોરોનાથી ડરી જઈ હોસ્પિટલના આંગણે પગ મૂકતાં જ ગભરાય છે. અનલોક સમયગાળામાં દરદીઓ આવતા થયા છે ખરા પણ એમાં દસ પૈકી એક જ ગુજરાતી હોય છે! અમદાવાદ, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને અન્ય રાજયો માટે મેડિકલ સેવાઓનું હબ બની રહ્યું હોઈ બહારના દરદીઓનું આવાગમન ચાલું થયું છે. સૌથી વધુ વહન કરવું પડ્યું છે બ્લડ ડોનેશન બહુ જ ઘટી ગયું છે. રેડક્રોસ સોસાયટી માટે આ સમસ્યા અણધારી છે. બ્લડ ડોનર્સની સંખ્યા અકલ્પનીય ઘટાડો થતાં થેલેસેમિયા વાળાં બાળકો મુસીબતમાં મુકાયા છે. રેડક્રોસ સોસાયટીએ બ્લડ બેંક ચોવીસે કલાક ખુલ્લી રાખવાનો નિર્ણય કર્યો છે, એટલું જ નહીં પરંતુ રક્તદાતાને એના ઘરેથી બ્લડબેંક સુધી લાવવા - લઈ આવવા માટે વાહનની વ્યવસ્થા આપવાની તેમજ ભલે એક જ રક્તદાતા હોય તો પણ રક્તદાન ટીમ સાથેની વાન એના ઘરે જઈ રક્તદાન સ્વીકારવાની તૈયારી દર્શાવી છે. કોરોનાકાળને કારણે કિડની, લિવર અને હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ જેવાં સર્જિકલ ઓપરેશનો ખોટકાયાં હતાં તે હવે ફરી પાછાં શરૂ જરૂર થયાં છે પરંતુ એ મૂળ સ્થિતિમાં તો આવે ત્યારે આવ્યાં સમજવાં. કોરોનાએ માણસને બીવડાવી માર્યા છે. કોર્ટોમાં કેસના ભરાવા થઈ રહ્યા છે. અને છતાં કુદરત પણ કેવી ક્રૂર મજાક કરે છે એ તો જુઓ : દુષ્કર્મના બનાવો સતત એ જ ગતિએ ચાલુ રહ્યા છે! આત્મહત્યાના બનાવો તો ઊલટાના વધ્યા છે!

# નકારાત્મક મન તમને ક્યારેય સકારાત્મક જીવન નહીં આપી શકે



લાગણીનો મેળો
રસિક વાળંદ

જીવનનું પૂછતા હો તો જીવન છે ઝેર ‘ઘાયલ’નું,
છતાં હિંમત જુઓ કે નામ ‘અમૃતલાલ’ રાખે છે.
- અમૃત ઘાયલ

● ● ●

એક રાજા હતો. સુખી - સમૃદ્ધ... ઐશ્વર્યથી ભર્યો ભર્યો... સર્વ વાતે સંપન્ન છતાં ઈશ્વરે એક પગ અને એક આંખમાં ખામી આપી હતી.

એક દિવસ રાજાને વિચાર આવ્યો. રાજયના તમામ ચિત્રકારોને કહેણ મોકલાવ્યું. સૌ ચિત્રકારો હરખભેર રાજદરબારમાં હાજર થયાં. રાજાએ તમામ ચિત્રકારોને ઉદ્દેશીને જણાવ્યું કે, ‘તમારામાંથી કોઈ એક અથવા સાથે મળીને મારું સુંદર ચિત્ર દોરી આપો. ચિત્રકારો મૂંઝાયા. એક પગ અને એક આંખની વિકલાંગતાને કારણે કુરુપ દેખાતા રાજાની સુંદર તસવીર કઈ રીતે બનાવવી એ સૌ માટે મુંજવણ હતી. ચિત્રકારોએ ચિત્ર બનાવવાનો ઉત્સાહ ન બતાવ્યો તેથી રાજા ગુસ્સે થયો. બધા જ ચિત્રકારોને નજરકેદ કર્યા. પરંતુ એક ચિત્રકાર છેલ્લે હતો તે આવ્યો ને જણાવ્યું, ‘હું આપનું સુંદર ચિત્ર બનાવીશ.’ રાજાએ સંમતિ આપી. તેણે રાજાને કહ્યું, ‘પહેલાં આ બધા ચિત્રકારોને છોડી મૂકો.’ રાજાએ ચિત્રકારની મક્કમતા જોઈ ચિત્રકારની વાત સ્વીકારી બધા ચિત્રકારોને છોડી મૂક્યા.

પાંચેક દિવસ બાદ પેલો ચિત્રકાર જે ચિત્ર બનાવીને લાવ્યો એ જોઈ રાજા અને રાજ દરબાર અચંબિત થઈ ગયા. ચિત્રકારની સૂઝ અને કલાદૃષ્ટિ એ અનોખી તસવીર સર્જી હતી. જેમાં રાજા જંગલમાં શિકારાર્થે ગયા હોય અને એક પગ જમીન પર ગોઠવીને એક આંખ બંધ કરી ધનુષબાણથી નિશાન તાકતા હોય એવું અદ્‌ભૂત ચિત્ર બનાવ્યું હતું. રાજાની આંખ અને પગની વિકલાંગતા ઢંકાઈ ગઈ હતી. રાજા ખુશ હતો. ચિત્રકારને માન-અકરામ આપી સન્માનિત કર્યો.

દોસ્તો, આ દૃષ્ટાંત કથા આપણને કંઈક શીખવી જાય છે. જીવનમાં જે નથી એનાં કરતાં જે છે એનું મૂલ્ય જો સમજીએ તો જોવાની અને જીવવાની દૃષ્ટિ જ બદલાઈ જાય. જીવન ઘણી બધી વિસંગતતાઓથી ભરેલું છે. સાંસારિક,વ્યવસાયિક, સામાજિક વિસંગતતાઓ વચ્ચે ઝઝુમવાનું છે ને જીવવાનું પણ છે. આ વિસંગતતા માટે બૌદ્ધિક મતભેદો, સ્વકેન્દ્રી અને સ્વાર્થપરાયણ વૃત્તિ, ખોટા ખ્યાલો, હઠ, મમત ને ક્યાંક જ્ઞાન અને શિક્ષણનો અભાવ જેવા પરિબળો જવાબદાર હોય છે. કુદરતે તો નોંખા ને અનોખાં સર્જન કર્યા છે. કુદરત દત્ત વિસંગતતાની વચ્ચે હકાર જીવન જીવવાની ટેવ કેળવીએ તો આનંદ આનંદ જ છે.

રમેશ પારેખે લખ્યું છે;
‘સૃષ્ટિ છે એક કોયડો ને અણઉકેલ છે,
જાણ્યું તો જાણ્યું એ કે તે દુર્ભેદ જેલ છે.’

જીવન અને જગત ગૂઢ, ગહન રહસ્ય ભર્યો જટિલ કોયડો છે. રાજા-રંક સૌ માટે વણઉકેલ્યો કોયડો જ છે. ત્યારે જે મળ્યું છે... પ્રાપ્ત છે તેને ભોગવવું અને અપ્રાપ્ત છે તેની ચિંતા છોડવામાં જ કલ્યાણ છે.

સ્પર્શમણિ :
કુદરત દરેકની જરૂરિયાત સંતોષી શકે છે પણ લાલચને નહીં.
- ગાંધીજી

● ● ●

નકારાત્મક મન તમને કયારેય સકારાત્મક જીવન નહીં આપી શકે.

● ● ●

આ સત્ય સમજવું ઘણું અઘરું છે...

ગરીબ લે તો ઉધાર અને અમીર લે તો ક્રેડિટ...!

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949

# અહંકાર પ્રત્યે જાગૃતતા કેળવવા નિત્ય આત્મનિરીક્ષણ જરૂરી છે



અબીલ-ગુલાલ
મમતા રાવલ

અધિક માસમાં ગીતાજીના અધ્યાયની છણાવટ ‘ અબીલ-ગુલાલ’માં સમાવી શકાય એ સંકલ્પને આગળ વધારતા આજે ૧૫ મા અધ્યાય વિશે વાત કરવી છે.

ગીતાજીના દરેક અધ્યાયમાં ભગવાને ભક્તિની વાત કરી છે ભક્તિ કોની કરવી એ ૧૫ મા અધ્યાયમાં દર્શાવ્યું છે. આ અધ્યાયનું નામ પુરુષોત્તમ-યોગ છે. પુરુષોત્તમ માસમાં આ અધ્યાયના પઠન અને અભ્યાસનું ખાસ મહત્વ છે.

આ સૃષ્ટિના પરમતત્વ સાથે અખંડ સંબંધ કેવી રીતે સ્થાપિત થાય એનું યોગશાસ્ત્ર ભગવાન શ્રીકૃષ્ણ વર્ણવી રહ્યા છે, જેનું શિખર પંદરમા અધ્યાયમાં પ્રાપ્ત થાય છે. એક જીવ માટે આનાથી મોટું સૌભાગ્ય શું હોય કે પરમાત્મા પોતે જીવન-મુક્તિનો માર્ગ બતાવે છે. આસામના ભક્ત કવિ ગોવિંદ દેવજીએ સરસ વ્યાખ્યા કરી છે કે ‘ અધમ પુરુષને જે ઉત્તમ પુરુષ બનાવી શકે તે પુરુષોત્તમ’....

ભગવાન શ્રીકૃષ્ણ ૧૫ મા અધ્યાયમાં જીવ-જગત અને જગદીશનું ઉત્તમ જ્ઞાન આપી રહ્યા છે. ઈશ્વર સાથે અવિચ્છિન્ન સંબંધ સ્થાપિત કરવા માટે ભક્તિ શ્રેષ્ઠ માર્ગ છે. ભક્તિના મૂળમાં પ્રેમ અને શ્રધ્ધા આવશ્યક છે. જીવ પ્રભુને પ્રેમ કરી શકે એ હેતુથી પ્રભુ આ અધ્યાયમાં પોતાના તાત્વિક સ્વરૂપને સ્વમુખે વર્ણવે છે. અને જીવનમુક્તિનો માર્ગ બતાવે છે.



આ અધ્યાયના પહેલા ત્રણ શ્લોકમાં સંસારવૃક્ષનું વર્ણન છે. ૪-૫ શ્લોકમાં મોક્ષ પામનારની લાક્ષણિકતાઓનું વર્ણન કર્યું છે. શ્લોક-૬ માં પરમ ધામનું વર્ણન છે. શ્લોક-૭,૮,૯ માં જીવની સંસારમાં ગતિનું વર્ણન કર્યું છે. ૧૦-૧૧ શ્લોકમાં આત્માને કોણ જાણી શકે એ વાત વર્ણન કરે છે. ૧૬ મા શ્લોકમાં ક્ષર-અક્ષર પુરુષનું વર્ણન કર્યું છે. ૧૭-૧૮-૧૯ આ ૩ શ્લોકમાં પુરુષોત્તમનું વર્ણન કરી, ૨૦ માં શ્લોકમાં ફલશ્રુતિ વર્ણવી છે.

અહીં પ્રભુએ જગતને એક મોટા અશ્વત્થ (પીપળાના) વૃક્ષ સાથે સરખાવ્યું છે. આ સંસારવૃક્ષના મૂળ ઉપર શાખાઓ નીચે છે. સંસારનું મૂળ પરમાત્મા છે. તાત્વિક દ્રષ્ટિએ જોઈએ તો મૂળ એટલે કારણ. સંસાર વૃક્ષનું મૂલ ઉત્કૃષ્ટ છે, શ્રેષ્ઠ છે. વૃક્ષ વગર મૂળ રહી શકે પણ મૂળ વગર વૃક્ષ ટકી શકતું નથી. આમ પરમાત્મા થકી જ સંસાર છે.

એવું કહેવાય છે કે પીપળાના ફળના બી પક્ષી ખાય અને તેની ચરક માંથી નવું વૃક્ષ જન્મ લે છે. જે દર્શાવે છે કે ચેતન વગર ઉત્પતિ શક્ય નથી.

અહીં ‘અશ્વત્થઃ’ શબ્દ પ્રયોજાયો છે. જેનો અર્થ છે જે આવતી કાલે રહેવાનું નથી તે અશ્વતથ. શ્લોકમાં સંસારને અશ્વત્થઃ કહ્યો છે. જે આજે છે એનું આવતી કાલે અસ્તિત્વ છે.સાદા શબ્દોમાં કહીએ તો સંસાર સદાય પરિવર્તનશીલ છે.

આ સંસારવૃક્ષની શાખાઓ ઉપર-નીચે બધે ફેલાય છે. સત્વ, રજ,તમને કારણે ઘણી વૃદ્ધિ પામેલી છે. આ સંસારથી મુક્તિનો શ્રેષ્ઠ ઉપાય અનાસક્તિ- Unattachment છે. મનુષ્ય દેહ અત્યંત દુર્લભ છે. આ દેહના માધ્યમથી જીવની આગળની યાત્રાના સરળીકરણ ની શક્યતા રહેલી છે. ‘અસંગશસ્ત્રેણ દ્રઢેન છિત્વા...’ તેને માટે અનાસક્તિ એટલે કે વૈરાગ્યના શસ્ત્રથી આ સંસારવૃક્ષનું છેદન કરવાનું છે. એ માટે ભગવાને દરેક મનુષ્યને સામર્થ્ય અને બુદ્ધિ આપેલા જ છે. ભક્તિ-ઉપાસના દ્વારા મનના શુધ્ધિકરણ થી પ્રાપ્ત થતા જ્ઞાનની મદદથી સંસારવૃક્ષનું છેદન શક્ય બને છે.

તત્:...ભગવાન શ્રી કૃષ્ણ કહે છે માત્ર સંસાર સાથે નો સંબંધ વિચ્છેદ કરવાથી મનુષ્ય શ્રેષ્ઠત્વને પામતો નથી કે મુક્તિ પ્રાપ્ત કરી શકતો નથી. અનાસક્તિ માત્ર પૂર્વ તૈયારી છે. અસંગશસ્ત્રથી દ્રઢતાપૂર્વક છેદન કરી મોક્ષ પ્રાપ્તિની યાત્રાનો પ્રારંભ કરવાનો છે.

સંસારવૃક્ષની શાખાઓનું છેદન એટલે, એષણાઓથી ઉપર ઊઠવું. એ માટે ની જરૂરી ‘દ્રઢતા’ એટલે ઈશ્વરાભિમુખતા છે. પરમાત્મા આ સંસારરૂપી વૃક્ષમાં જ છુપાયેલો છે. એને શોધવાની, પામવાની પ્રક્રિયા જ આધ્યાત્મિક સાધના છે. ઈશ્વરની કૃપા સમગ્ર સૃષ્ટિના તમામ જીવો પર છે જ. પરંતુ અહંકારને લીધે જીવ ઈશકૃપાનો લાભ લઈ શકતો નથી. આ અહંકાર પ્રત્યે જાગૃતતા કેળવવા માટે જીવનમાં રોજે-રોજ આત્મચરિત્રનું નિરીક્ષણ જરૂરી છે. વિચાર કરતાં સંસારી જીવને સમજાય છે કે જીવનમાં બનતી ઘટનાઓ, સંબંધો, વિષયો તમામ મને વૈરાગ્ય તરફની પ્રેરણા આપનાર કારણો છે. પ્રત્યેક અનુભવ અનાસક્તિ પ્રેરે છે. વૈરાગ્ય દુ:ખનો પ્રસાદ છે આ વિવેક જો જાગૃત રહે તો આસક્તિછેદન સરળ બને છે. ‘ક્ષણે તુષ્ટઃ ક્ષણે રુષ્ટઃ’ આસક્તિ હોય તો બંધન પણ વ્હાલું લાગે છે. બંધન, બંધનરૂપ ન લાગે તો મુક્ત થવાતું નથી, મુક્તિ મળતી નથી.

ઈશ્વરચિંતન, સત્સંગ, સંત-સાંનિધ્ય આસક્તિથી મુક્તિ માં મદદરૂપ બને છે. જીવનનું આ પરમ સત્ય જે પણ જીવને લાધી જાય એ સંસાર અને મુક્તિના માર્ગ બંને ને સારી રીતે સમજી શકે છે.

અનાસક્તિરૂપી કુહાડીથી સંસાર વૃક્ષની જાળમાંથી બહાર નીકળવું એજ સંસારને સમજવાની તેમજ તેમાંથી છૂટવાની અને શાંતિ મેળવવાની ચાવી છે. ઈશ્વર પાસે આવી તત્પરતાની માંગણી સાથે સૌને જય શ્રી કૃષ્ણ....

(ક્રમશઃ)

# કૂતરાં ભૂં...ઊં...ઊં કરતાં કેમ ભસે છે?



મનના ઉમંગો
રણછોડ પરમાર

કોરોના વોરિયર્સને બિરદાવવા માટે સરકારે એક દિવસ સાંજના પાંચ વાગ્યે થાળી વગાડીને પ્રોત્સાહન આપવા અનુરોધ કર્યો હતો. જેવા સાંજના પાંચ વાગ્યા કે તરત ઘેર ઘેર થાળિયું ઠનકવા માંડી, ઠાકોરજીની ઘંટડી વાગી, અરે ઘણી જગ્યાએ ઢોલ પણ વાગ્યાં અને ખેલૈયાઓએ તો વગર નવરાત્રિએ ગરબા જમાવી દીધા. આ અવસરે કેટલાકે વળી શંખ ફૂંકેલા. પછી ઘણાંને તો દરરોજ દીવાબત્તી ટાણે ઘંટડી વગાડ્યા પછી શંખ વગાડવાની ટેવ જ પડી ગઈ. રોજ દીવા પ્રગટે પછી ઘંટડી વાગે અને એ પછી શંખ ફૂંકાય, “પૂ...ઉ...ઉ...ઉ... “ શરુ શરુમાં તો શેરીના કૂતરાં આ ઘમસાણ થકી ચમકેલાં. અચાનક કોઈ કૂતરાને એવું બ્રહ્મભાન થયું કે આ તો આપણા જાતભાઈ શિયાળના જેવો અવાજ ! એણે શંખની દિશામાં મોઢું કરીને જોરથી અવાજ ફેંક્યો “ભૂં...ઉ...ઉ...ઉ...” સામે બીજા કૂતરાએ એ સાદ ઝીલી લીધો. થોડીવારમાં તો આખા વિસ્તારમાં “ભૂં....ઉં....ઉં..., ભૂં... ઉં...ઉં... “થઈ ગયું.

હવે કાગનું બેસવું અને ડાળનું પડવું એવો ઘાટ થયો. એક ડોશીમાએ પંચાણું વરસની ઉંમરે દીકરાના દીકરાના દીકરાને રમાડીને બરાબર આરતી સમયે જ આંખ મીંચી. એની સાથે જ રમણભાઈની છઠ્ઠી ઈંદ્રિય જાગ્રત થઈ ગઈ. એમણે બાળપણમાં એમની માના મુખે સાંભળેલું કે કૂતરાઓ યમરાજાને જોઈ શકે છે અને જમરાજાને જોઈ આવો “ભૂં...ઉં...ઉં...ઉં.....” અવાજ કાઢે છે. ડોશીમાના ઘર બહાર ઊભેલા ડાઘુઓ સમક્ષ તેમણે આ વાત રજૂ કરી. એકબે જણાએ ડોકું હલાવ્યું અને ધીમે ધીમે વાત ગામમાં ફેલાવા માંડી.



ડોશીમાના અવસાનને હજુ અઠવાડિયું નહીં થયું હોય ત્યાં એક છ મહિનાનો માંદો માણસ આવા કૂતરાં ભસવાના સમયે ગુજરી ગયો. બિચારો શરીરની પીડાથી ત્રાસી ગયો હતો. ઘરનાં માણસોએ તેમના શાંતિપૂર્વક મરણ માટે દેવદેવીઓની બાધાઓય રાખેલી. રમણલાલે ફરી કૂતરાઓ જમ જોઈને ભસતાં હોવાની વાત મિત્રો સમક્ષ રજૂ કરી. બેચાર જણાએ આવી વાત તરત સ્વીકારી લીધી

બે દિવસ પછી એક પુત્રવધૂએ સાસરિયાના ત્રાસથી અગનપછેડી ઓઢી. એક માણસ કોરોનામાં ગુજરી ગયો. સમય હતો સૂરજ આથમવાનો. કોરોનાવાળા ભાઈને તો દવાખાનેથી બારોબાર સ્મશાન લઈ જવાયેલા. પેલી દુખિયારીના ઘર પાસે એકઠા થયેલા લોકોમાં આવું થાય ત્યારે મુખ્ય ચણભણ તો સાસરિયાની વર્તણૂંક અંગેની થવી જોઈએ, પણ અહીં વધારે ચર્ચા ગામમાં યમરાજા પેંધી ગયા હોવાની થઈ રહી હતી. કોરોનાના કેરના બદલે કૂતરાંના જમ જોવાની અને એમના “ભૂં...ઊં...ઊં...” ની વાતો મોઢામોઢ અને કાનોકાન થઈ રહી હતી. મુખ્ય સૂત્રધાર હતા રમણલાલ. દરેક જણની સામે કહેતા હતા “ હું ન્હોતો કહેતો”, “હું તો કહેતો જ હતો” ,” હું શું કહેતો હતો ? “

પછી તો રમણલાલ હાથમાં લાકડી લઈને ફરવા માંડ્યા. જેવું કોઈ કૂતરું મોઢું ખોલે કે તરત કરીને એક લાકડી ફટકારી દે. પેલું કૂતરું બિચારું “ભૂં..ઊં..ઊં...” બોલવાને બદલે “ઊ...અ...હ..” કરતું ભાગે. કોરોનાના ત્રાસની તો કૂતરાંઓને ક્યાંથી ખબર પડવાની ? પણ રમણલાલના ત્રાસની એમને બરાબર ખબર પડી ગઈ. આમ કૂતરાઓની ભારે દશા બેઠી. આજુબાજુના લોકો પણ રમણલાલની જેમ લાકડી લઈને ફરવા માંડ્યા. જેવું કોઈ કૂતરું ઊં..... કરતું લાંબા રાગે ભસવા જાય કે તરત એના મોંઢા પર લાકડી આવી વાગતી. કૂતરાં બિચારાને સમજ પડતી નહોતી કે લોકો અમને અમારી રીતે ભસવા કેમ દેતા નથી. કૂતરાં ફરિયાદ કરે તો કોની પાસે કરે ? એમનામાં કોઈ ધર્મગુરુઓ હતા નહીં જે પ્રભુના શરણમાં જવાનું શીખવે. સવારસાંજ બસ એમને માર ખાવાનું મળવા માંડ્યું. આ સંસારમાં એમની દયા ખાનાર કોઈ નહોતું.

આ સમાજમાં કૂતરાંની દયા કોઈને ના આવી, પણ છેવટે યમરાજાને એમની દયા આવી.

યમરાજાને થયું બિચારા કૂતરાંને લોકો વગર કારણે ફટકારે છે. કૂતરાંને લોકોના ત્રાસમાંથી છૂટકારો અપાવવો જોઈએ. હમણાંથી રમણલાલના એરિયામાં કોઈ મરણ થયું હતું નહીં એટલે એમના જીવને શાંતિ હતી. એક દિવસ રાતે રમણલાલ જમી પરવારી, મંદિર દર્શન કરી આવી આરામથી સૂતા હતા. હજુ આંખ મળવામાં હતી ત્યાં એમના ઘરના બારને ટકોરા પડ્યા. “ અત્યારે વળી કોણ હશે ?” એમ કહેતાં આંખો ચોળતા એમણે બારણું ખોલ્યું. બારણું ખોલતાં જ એમની આંખો ફાટી ગઈ. હિંદી ચલચિત્રો અને ટીવી સિરિયલોના શોખીન રમણલાલ તરત યમરાજાને ઓળખી ગયા. ધ્રૂજી ઊઠ્યા. આખા શરીરે પરસેવો પરસેવો થઈ ગયો.” હે ભગવાન, મારો શું ગૂનો ? હું તો રોજ કીડીઓના દર પૂરું છું, ચકલાંને ચણ નાખું છું, ગાયને રોટલી ખવરાવું છું, કાગડાઓને ગાંઠિયા ખવડાવું છું, કદી કશું પાપ કરતો નથી અને આપ મારા આંગણે ? માફ કરો પ્રભુ, માફ કરો. મારા છોકરાંય હજી સાવ નાના છે.”